# શ્રી ગૌતમ પ્રભાતિ સ્તવન

( રાગ : વેલાવલ )

ગૌતમ ગણધર નમિયે.
હો અહનિસિ, ગૌતમ ગણધર નમિયે.
નામ જપત નવહી નિધિ પઈએ,
મનવંછતિ સુખ લહીએ.
હો અહનિસિ, ગૌતમ ગણધર નમિયે. ૧

ઘર અંગન જો સુરતરૂ ફલિયો,
કહા કાજ બન ભમિયે;
સરસ સુરભિ ઘૃત જો હુવે ઘરમેં,
તો ક્યોં તૈલે જમિયે.
હો અહનિસિ, ગૌતમ ગણધર નમિયે. ૨

તૈસી શ્રી ગૌતમ ગુરુ સેવા,
ઓર ઠોર ક્યું રમિયે;
ગૌતમ નામે ભવજલ તરિયે,
કહા બહુત તનુ દમિયે.
હો અહનિસિ, ગૌતમ ગણધર નમિયે. ૩

ગુણ અનંત ગૌતમકે સમરન,
મિથ્યા-મતિ-વિષ ગમિયે;
**જશ** કહે ગૌતમ ગુન રસ કે આગે,
રૂચત નહિ હમ અમિયે.
હો અહનિસિ, ગૌતમ ગણધર નમિયે. ૪

# પ્રભુ તેં મને જે આપ્યું છે

પ્રભુ તેં મને જે આપ્યું છે, એનો બદલો હું શેં વાળું?
બસ તારી ભક્તિ કરી કરીને, મારા મનડાને વાળું.
પ્રભુ તેં મને જે આપ્યું છે, એનો બદલો હું શેં વાળું? ૧

પ્રભુ નરક નિગોદથી તેં તાર્યો, મને અનંત દુઃખોથી ઉગાર્યો,
તારા ઉપકાર અનંતા છે, એનો બદલો હું શે વાળું?
બસ તારી ભક્તિ કરી કરીને, મારા મનડાને વાળું.
પ્રભુ તેં મને જે આપ્યું છે, એનો બદલો હું શેં વાળું? ૨

માનવ ભવ પામ્યો તારી કૃપા, તુજ શાસન પામ્યો તારી કૃપા,
જૈન ધર્મ તણી બલિહારી છે, એનો બદલો હું શેં વાળું?
બસ તારી ભક્તિ કરી કરીને, મારા મનડાને વાળું.
પ્રભુ તેં મને જે આપ્યું છે, એનો બદલો હું શેં વાળું? ૩

પ્રભુ મોક્ષનગરનો સથવારો, હું મોહનગરનો વસનારો,
તું ભવોભવનો ઉપકારી છે, એનો બદલો હું શેં વાળું?
બસ તારી ભક્તિ કરી કરીને, મારા મનડાને વાળું.
પ્રભુ તેં મને જે આપ્યું છે, એનો બદલો હું શેં વાળું? ૪

- **ભક્ત કવિ શ્રી દલપતભાઇ (નવસારી)**